ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# શહેરની ૧૧ કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકોને નોટીસ ફટકારાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાના કેસો વધતાં હરકતમાં આવેલા તંત્રએ સર્વેલન્સની કામગીરીને વેગીલી બનાવી છે. છેલ્લા બે દિવસમાં ૧૨૦ જેટલી બાંધકામ સાઈટોની ચકાસણી કરતાં ૧૧ જેટલા સ્થાનો પરથી મચ્છરોના પોરા મળી આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે શહેરી મેલેરિયા તંત્રની ટીમો સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, કોબા અને ટી.પી. વિસ્તારમાં ચાલતી કન્સ્ટ્રક્શન સાઈટો પર છેલ્લા બે દિવસથી ત્રાટકી છે. ૧૨૦ થી પણ વધુ બાંધકામ સાઈટોની મુલાકાત લીધી હતી અને તે પૈકી ૧૧ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટોને નોટીસ આપવામાં આવી છે.

ગઈકાલે ૮ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટો પર મચ્છરોના ભારે બ્રિડીંગ મળી આવ્યા હતા જ્યારે આજે વધુ ૩ સાઈટો પર બ્રિડીંગ મળી આવ્યા હતા. તંત્રએ તાત્કાલિક અસરથી નોટીસ આપી

**મેલેરિયા, ચિકનગુનિયા અને ડેન્ગ્યુના કેસો વધતાં તંત્રએ સઘન સર્વેલન્સની કામગીરી શરૂ કરી**

અને એન્ટી લારવેલની કામગીરી કરી હતી.

દરમ્યાન શહેરમાં વાહકજન્ય રોગચાળાના કેસોની સંખ્યામાં પણ ઉછાળો જણાયો છે. મેલેરિયાના કેસોની સંખ્યા વધીને ૫૫ પર પહોંચી છે. ચિકનગુનિયાના કેસો પણ વધવા પામ્યા છે. ચિકનગુનિયાના ૪ કેસ નવા સમાવિષ્ટ કરાયેલા ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે તો ડેન્ગ્યુના પણ ૩૨ જેટલા કેસો નોંધાયા છે.

શહેરમાં વધતા જતા વાહકજન્યના કેસોની સંખ્યાને પગલે તંત્રએ સર્વેલન્સ તેમજ એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવી છે. વાહકજન્ય રોગચાળાની સ્થિતિ વકરે નહિ તે માટે દંડનીય કાર્યવાહી પણ કરવા માટે તંત્રએ મન બનાવી લીધુ છે.

હાલ મચ્છરોની ઉત્પત્તિ માટે સાનુકૂળ વાતાવરણ હોવાથી તંત્રએ કન્સ્ટ્રક્શન સાઈટના મજૂરોનું સ્ક્રીનીંગ પણ હાથ ધર્યુ છે. તંત્ર દ્વારા સર્વેલન્સની સાથે સાથે વરસાદી પાણી ભરાઈ રહેતા ખાડા-ખાબોચિયામાં ઓઈલ છંટકાવની કામગીરી હાથ ધરી છે.



શહેરના ચાર રસ્તાઓ પર જાતભાતની ચીજવસ્તુઓનુ વેચાણ કરવાની સાથે ભીખ માંગતા ભીક્ષુકો અને બાળકો અચાનક જ વધી ગયા છે. શહેરના મુખ્ય માર્ગોના ચાર રસ્તાઓ પર ટ્રાફિક સિગ્નલો શરૂ થાય અને વાહનો રોકાય તે સાથે જ ભીક્ષુકો વાહનચાલકો પાસે પહોંચી જાય છે અને ભીખ માંગી પરેશાન કરે છે. ભીખ માંગવાની સાથે નાની-મોટી ચીજવસ્તુઓ ખરીદવાનો દુરાગ્રહ પણ ક્યારેક તેઓ કરતા હોય છે. ખાસ કરીને નાના બાળકોને આકર્ષે તેવી પેન, પેન્સિલ, ફુગ્ગા વગેરે ચીજવસ્તુઓ તેઓ વેચતા હોય છે.

## જિલ્લામાં મંગળવારે ૧૨,૧૪૭નો વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં આજે વેક્સિનેશન અભિયાન હેઠળ ૧૨,૧૪૭ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૦ સેશન સાઈટો પર ૮૫૦૮ લોકોને અને શહેરમાં ૩૬૩૯ લોકોને ૧૦ સેશન સાઈટો પર આવરી લેવામાં આવ્યા હતા.

ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં ૧૮+ યુવાઓ દ્વારા વેક્સિનેશન અભિયાનમાં ભારે ઉત્સાહ દાખવવામાં આવી રહ્યો છે. શહેરમાં આજે ૩૬૩૯ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા છે. આ સાથે શહેરમાં અત્યાર સુધીમાં ૩,૬૮,૫૮૨ લોકોને આવરી લેવામાં આવ્યા છે જેમાં ૨,૮૬,૨૧૪ લોકોને પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે જ્યારે ૮૨,૩૬૮ લોકોને બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે.

૧૮ થી ૪૪ વર્ષના વયજૂથમાં બે લાખ ૨૩ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪,૮૪,૯૩૦ લોકોને પ્રથમ ડોઝ અને ૧,૨૯,૭૧૬ લાખ લોકોને બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

# સફાઈ કામદારે સ્માર્ટ વૉચ પહેરવી જ પડશે

**સફાઈ કામગીરીને સઘન બનાવવા મનપાના તંત્રએ લાલ આંખ કરી આદેશ આપ્યા**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકામાં ચોમાસાની આ ઋતુમાં સ્વચ્છતા અભિયાન સઘન બનાવવામાં આવશે. મનપાએ આ માટે સફાઈ કામદારોનું લોકેશન જાણી શકાય તે માટે સ્માર્ટ વૉચ પહેરવાના આદેશ કરાયા છે.

શહેરમાં વધતી જતી ગંદકી અને તે સામેની ફરિયાદોને મનપાના તંત્રએ અતિ ગંભીરતાથી લીધી છે. તંત્રની ચૂપકીદીએ જનમાસમાં અનેકવિધ પ્રશ્નો ઉભા કર્યા હતા પરંતુ હવે તંત્રએ આ બાબતને ગંભીરતાથી લઈ પ્રથમ પગલાં તરીકે સ્માર્ટ વૉચ સફાઈ કામદારે પહેરવારી રહેશે તે માટેના આદેશો જારી કરી દીધા છે.

પાટનગર ઉપરાંત ૧૮ ગામોમાં સફાઈની વધેલી ફરિયાદ તેમજ મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગોની પણ સફાઈ ન થતી હોવાની વાતને લઈ થતી ફરિયાદો પર જામેલી ધૂળ તંત્રએ ખંખેરી નાખી છે અને આ માટે એજન્સીઓને પણ કડક તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મનપામાં પણ સ્માર્ટ વૉચ થકી સફાઈની કામગીરીનું મોનીટરીંગ પણ ૧લી ઓગષ્ટથી શરૂ કરી દેવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે એકાદ વર્ષ અગાઉ લાખો રૂ.ના

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં નવી ગટર લાઈન નાંખવા માટે સર્વે હાથ ધરાયો

**રીપોર્ટ તૈયાર થયા બાદ તે મુજબ નવી લાઇન નાંખવાનુ કામ ચોમાસા બાદ શરૂ કરાશે : સ્માર્ટ સીટી અન્વયે નવી લાઇન નાંખવા માટે કાર્યયોજના તૈયાર : ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ થઇ ગઇ છે**

ગાંધીનગર તા ૨૭

શહેરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે નવી પાણીની લાઇન નાંખવા સાથે ગટર લાઇન બદલવા માટે પણ કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. ચાર દાયકા જુની લાઇનના સ્થાને હવે મોટાડાયામીટરની લાઇન નાંખવામાં આવશે ચોમાસા બાદ નવી લાઇન નાંખવાનુ કામ હાથ ધરાશે. જયારે આ પુર્વે સેકટરોમાં નવી લાઇન નાંખવા માટે તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો છે. ગટર લાઇન કાર્યરત રાખીને સેકટરોમાં સરળતાથી આ કામ કઇ રીતે થઇ શકે તે અંગેના પરિબળોનો પણ અભ્યાસ કરીને રીપોર્ટ તૈયાર થયા બાદ તે મુજબ સેકટરોમાં તબક્કાવાર નવી લાઇન નાંખવામાં આવશે.

શહેરમાં દાયકાઓ જુની ગટર લાઇન સેકટરની વસતી અને વિકાસ મુજબ પર્યાપ્ત નથી. અલબત્ત ગટર લાઇન જુની અને નાના ડાયામીટરની હોવાથી સેકટરોમાં વારંવાર ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો પણ વધી છે. બીજીતરફ વર્ષો જુના ગટરના મેઇન હોલમાં પણ વખતોવખત ભંગાણ થતા સેકટરોમાં ગટરના દુષિત પાણી ભરાતા હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવે છે. સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદો ડામવા માટે રોબર્ટ પણ કામે લગાવાય છે. જયારે જેટીંગ મશીનના આધારે પણ લાઇનની સફાઇ કરવામાં આવે છે. બીજીતરફ સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં ૪૦ વર્ષ જુની ગટર લાઇન બદલવા માટે પણ નવી કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. શહેરમાં ૨૪ કલાક પાણી પુરવઠાનો સપ્લાય આપવા માટે પાણીની લાઇન પણ નવી નાંખવા માટે આયોજન કરાયુ છે. ત્યારે ગટર લાઇન માટે પણ ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. ચોમાસા બાદ શહેરમાં નવી ગટર લાઇન નાંખવા માટે કામ પણ શરૂ કરી દેવાશે. હાલ નાના ડાયામીટરની લાઇન બદલીને સેકટરોમાં ગટર લાઇનના વપરાશ

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્ય વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં ૪૨૧૬ સ્થાનોએ મચ્છરોના પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાના કેસો નિયંત્રણમાં રહે તે માટે ગઈકાલથી આરંભાયેલ સર્વેલન્સમાં આજે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાના તમામ પ્રા.આ. કેન્દ્રો તથા અર્બન રહેણાંક વિસ્તારોમાં હાઉસ ટુ હાઉસ એબેટની કામગીરી કરવામાં આવી હતી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩,૭૪,૬૮૪ લોકોને આવરી લઈ ૭૩,૫૦૨ ઘરોની મુલાકાત કરવામાં આવી હતી. આ મકાનોમાં ૧,૧૨,૩૦૦ જેટલા સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી કરવામાં આવી હતી જેમાં ૪૬૧૨ સ્થાનો પરથી

● અનુસંધાન પાન-૭ પર

# અંગ્રેજી માધ્યમના મનપાના કે.જી. વર્ગોમાં ૧૬૦ થી વધુ બાળકો નોંધાયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પાંચ સરકારી પ્રા. શાળાઓમાં શરૂ કરાયેલ કે.જી.ના અંગ્રેજી માધ્યમના બે વર્ગોને સારો પ્રતિસાદ નગરજનોએ આપ્યો છે. ૧લી જુલાઈથી શરૂ થયેલા આ કે.જી.ના વર્ગોમાં અત્યાર સુધીમાં ૧૬૦ થી વધુ બાળકોને પ્રવેશ આપી દેવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ કે.જી. વર્ગ-૧માં ૭૬ જેટલા બાળકો અને કે.જી.-૨ માં ૯૦ થી વધુ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે. મનપાના તંત્રએ શરૂ કરેલા આ વર્ગોમાં ૩૦ થી વધુ બાળકોને પ્રવેશ આપવામાં આવશે આવશે નહિ.

મળતી વિગતો મુજબ કે.જી.ના આ ભૂલકાંઓને ચાર દિવસ શેરી શિક્ષણ આપવામાં આવે છે અને બે દિવસ ઓનલાઈન શિક્ષણ આપવામાં આવે છે. બાળકો હોંશે હોંશે આ વર્ગોમાં અભ્યાસ માટે આવી રહ્યાથી તંત્રનો ઉત્સાહ હાલ બેવડાયો છે.

તંત્રના સૂત્રોમાંથી મળેલ વિગતો મુજબ સે. ૨૯માં કે.જી.ના બાળકોના શેરી શિક્ષણથી આકર્ષાઈ એક ફલેટના રહીશોએ બાળકોને ભણાવવા માટે ખાસ જગ્યા ફાળવી આપી છે. બાળકો ઓનલાઈન શિક્ષણમાં પણ હોંશથી જોડાતા હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

આ શિક્ષણકાર્ય માટે પસંદ કરાયેલા શિક્ષકોમાંથી બે શિક્ષકોએ રાજીનામા આપ્યાનું જાણવા મળેલ છે. ઈન્દ્રોડા અને સે. ૨૯માં આ વર્ગોમાં સારી સંખ્યા નોંધાયાનું જાણવા મળેલ છે.

# ૨જી ઓગષ્ટના રોજ મનપા દ્વારા બે ખાસ સેવાસેતુ યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૭

આગામી ૨જી ઓગષ્ટના રોજ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બે સ્થાનો પર ખાસ સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના શાસનને પાંચ વર્ષ પૂર્ણ થતા હોઈ વિશિષ્ટ ઉજવણી અંતર્ગત આ બે સેવાસેતુનું આયોજન કરવામાં આવ્યાનું મનપાના સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે એક સેવાસેતુ કાર્યક્રમ સે. ૧૬ના રંગમંચ ખાતે અને બીજો સેવાસેતુ કાર્યક્રમ રાયસણ ખાતે આવેલ ગુડાના સાંસ્કૃતિક હોલ ખાતે કરવામાં આવનાર છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સેવાસેતુ કાર્યક્રમમાં ૫૦ થી વધુ ઓનલાઈન સેવાઓનો સીધો લાભ લોકોને આપવામાં આવશે. જેમાં ખાસ કરીને મિલ્કતવેરો, વ્યવસાયવેરો, વાહનવેરો પણ ભરી શકાશે. આ ઉપરાંત આધારકાર્ડ, રેશનીંગ કાર્ડમાં સુધારો, જાતિ પ્રમાણપત્ર, આવકના દાખલા વગેરેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે આ સેવાસેતુમાં વિવિધ પ્રજા કલ્યાણલક્ષી યોજનાઓ અંગેની જાણકારી લોકોને મળી રહે તે માટે ૩૦ જેટલા ખાસ સ્ટોલ્સ પણ ઉભા કરવામાં આવનાર છે. તંત્ર દ્વારા આ સેવાસેતુના કાર્યક્રમના આયોજનને લઈ બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે. મનપા દ્વારા બેંકો સાથે પણ બેઠકો કરવામાં આવી છે આ ઉપરાંત વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓના જે સ્ટોલ્સ ઉભા કરવામાં આવનાર છે તેમાં પણ લાભાર્થીને ઝડપથી લાભ મળે તેવુ આયોજન હાલ ચાલી રહ્યુ છે.

## કોરોનામાં એક વાલી ગુમાવનાર બાળકોને રાજ્ય સરકાર સહાય આપશે

ગાંધીનગર,તા.૨૭

વિશ્વવ્યાપી કોરોના મહામારીમાં અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે જેમાં કોઈએ પોતાના વહાલ સોયા દીકરા, દીકરીઓ ગુમાવ્યા છે તો કોઈએ ભાઈ, બહેન અથવા પતિ અથવા પત્નીનો સાથ ગુમાવ્યો છે. આ મહામારીના કારણે ઘણાં બાળકો નિરાધાર થયા છે. જેમાં કેટલાક બાળકોએ માતા પિતા એમ બન્ને વાલીની છત્રછાયા ગુમાવી છે. જ્યારે કેટલાક બાળકોએ માતા અથવા પિતા એમ કોઈપણ એક વાલીની છત્રછાયા ગુમાવી છે આવા બાળકો માટે રાજ્ય સરકારે સહાયની જાહેરાત પણ કરી છે.

માતા કે પિતા, બેમાંથી એકને ગુમાવનાર બાળકો આકસ્મિક નિરાધાર થવાથી તેમના ભવિષ્ય અને શિક્ષણના પ્રશ્નો ઉભા થયા છે. તેને ધ્યાનમાં રાખીને રાજ્યસરકાર દ્વારા આવા કપરાકાળમાં નિરાધાર થયેલા અને માતા પિતા બન્ને ગુમાવ્યા હોય તેવા બાળકોની કાળજી, રક્ષણ, શિક્ષણ અને આરોગ્યની ચિંતા કરીને રાજ્યસરકાર દ્વારા માતા પિતા ગુમાવ્યા હોય અને નિરાધાર થયેલા બાળકો માટે 'મુખ્ય મંત્રી બાળ સેવા યોજના' ની જાહેરાત કરી છે.

પરંતુ જે બાળકોએ એક વાલી ગુમાવ્યા હોય તેવા બાળકોને પણ સહાય આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે. તેથી આવા એક વાલીવાળા બાળકોને માસિક રૂ. ૨,૦૦૦ની સહાય આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ સહાયની રકમ ઓનલાઈન ડી.બી.ટી. દ્વારા ચૂકવવાની યોજના સીએમ રુપાણી દ્વારા આગામી બીજી ઓગસ્ટે લોન્ચ થશે.

આથી આવા એક વાલીવાળા બાળકોના બેક એકાઉન્ટ ખાતા તાત્કાલિક ખોલવા જરૂરી છે. આ માટે જે- તે જિલ્લાના એક વાલી ધરાવતા જે બાળકો છે તેમના બેંક એકાઉન્ટ દિન-૩માં ખોલાવવાના રહેશે. આ માટે જિલ્લામાં જુદા જુદા અધિકારીઓને જવાબદારી સોંપી દિન-૩માં બાળકોના ખાતા ખોલાવવા વ્યવસ્થા ગોઠવવા સામાજિક ન્યાય અને અધિકારીના વિભાગના એસીએસ સુનયના તોમરે તમામ જિલ્લા કલેક્ટરોને પત્ર પાઠવ્યો છે.

# વનતંત્ર શહેરના માર્ગો આસપાસથી જોખમી વૃક્ષોની કાપણી કરાશે

**શહેરના વિવિધ માર્ગો આસપાસ ૨૫ જેટલા જોખમી વૃક્ષો : વરસાદી દિવસોમાં આ પ્રકારના વૃક્ષો તેમજ નમી પડેલી તોતિંગ ડાળીઓ પણ દુર કરાશે**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં મુખ્યાર્ગો તેમજ સેકટરોના રહેણાંક વિસ્તારમાં જોખમી વૃક્ષો ઘણીવાર અકસ્માતનુ કારણ બને છે. વરસાદી દિવસોમાં માટી પોલાણ થવાના લીધે આ પ્રકારના ઉભા સુકા વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થાય છે. જેને અનુલક્ષી વનતંત્ર દ્વારા આ પ્રકારના જોખમી વૃક્ષો દુર કરવાનુ કામ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત હળવા વરસાદ સાથે વનતંત્રએ શહેરમાં ૧૭ હેકટરમાં નવા રોપાઓની વાવણીનુ કામ પણ પુર્ણ કરી દીધુ છે.

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ થોડા દિવસો અગાઉ વનતંત્ર દ્વારા શહેરમાં નવા રોપાઓની વાવણીનુ કામ શરૂ કરી દેવાયુ હતુ પરંતુ વરસાદ ખેંચાતા આખરે બાકી વાવેતરની પ્રક્રીયા બંધ કરી દેવામાં આવી હતી. વનતંત્ર દ્વારા અંદાજિત ૧૭ હેકટરમાં વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવાનુ આયોજન કરાયુ હતુ.

જયારે શહેરના વન આરક્ષિત વિસ્તારમાં ઉપલબ્ધ ખુલ્લી જગ્યામાં લીમડા, સહીતના વિવિધ પ્રકારના રોપાઓની વાવણી પણ શરૂ કરી દેવામાં આવી હતી. પરંતુ લાંબા સમયથી વરસાદ ન આવતા તંત્ર દ્વારા નવા રોપાઓની વાવણીનુ કામ બંધ કરી દેવાયુ હતુ. આખરે નવા રોપાઓની વાવણીને અનુલક્ષી જરૂરી વરસાદ થતા બાકીનુ વાવેતર પણ કરી દેવાયુ છે. આ ઉપરાંત વરસાદી દિવસોમાં શહેરમાંથી જોખમી વૃક્ષો દુર કરવા માટે પણ વનતંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરાશે. નગરના માર્ગ નં -૨ ની આસપાસ પણ નમી પડેલા તોતિંગ વૃક્ષો ગમે ત્યોર જોખમી પુરવાર થાય તેમ છે. તેને પણ દુર કરાશે. શહેરમાં ઉભા સુકા જોખમી વૃક્ષોની કટોતી કરાશે. હાલ શહેરના મુખ્યમાર્ગો આસપાસ આ પ્રકારના અંદાજિત ૨૫ જેટલા વૃક્ષો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. નમી પડેલા આ વૃક્ષો વરસાદી દિવસોમાં ગમે ત્યારે જોખમી સાબિત થાય તેમ છે. ત્યારે આ પ્રકારના જોખમી વૃક્ષો પણ દુર કરાશે. આ ઉપરાંત વૃક્ષોના નમી પડેલા તોતિંગ ડાળાઓ પણ દુર કરાશે.

## નર્મદા ડેમની જળસપાટી વધીને ૧૧૬.૩૨ મીટરે પહોંચી

નર્મદા,તા.૨૭

સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે નદી અને ચેકડેમ ઓવરફ્લો બન્યા છે, ભારે વરસાદને કારણે નદીઓમાં નવા નીર આવ્યા છે તો ડેમમાં પણ જળસપાટી વધી છે.

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદાની પણ જળસપાટીમાં વધારો જોવા મળી રહ્યો છે. નર્મદા ડેમની જળસપાટી હાલ વધીને ૧૧૬.૩૨ મીટરે પહોંચી ગઈ છે. જો કે એક જ દિવસમાં ડેમની જળ સપાટીમાં ૨૧ સેમીનો વધોર નોંધાયો છે. જો કે ઉપરવાસમાં પડેલા ભારે વરસાદથી ૪૨૭૪ ક્યુસેક પાણીની આવાક થઈ રહી છે. જ્યારે કેનાલ હેડ પાવર હાઉસમાંથી ૪૨૭૪ ક્યુસેક પાણીની જાવક થઈ રહી છે.

સાર્વત્રિક ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. રાજ્યના મોટા ભાગના જિલ્લામાં આજે ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. બીજી તરફ મધ્યપ્રદેશમાં ભારે વરસાદ પડી રહ્યો છે. જેના કારણે કેવડિયા કોલોની સ્થિત સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની વિપુલ પ્રમાણમાં આવક થઈ છે.


લાંબાત અગરબત્તી ઘર માટે
● ઈબાદત કા ધુપ
● મચ્છર મારને કા ધુપ
● ગુલાબ અગરબત્તી
આયુર્વેદિક હેર ઓઈલ મળશે.
(બિઝનેસ ઓફિસ માટે)
Mo.9913311334

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV,
LCD TV રીપેરીંગ
માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com